દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 78 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ચૈત્ર સુદ-૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 April 2025, Thursday ■ REGD.No. MCS/058/2018-20
ગુરુવાર, ૩ એપ્રિલ ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



# વક્ફ ખરડો બહાલ

## નવા નામે 'ઉમીદ' સાથેનો ખરડો લોકસભામાં પસાર

**નવી દિલ્હીઃ કેન્દ્રના લઘુમતી કોમને લગતી બાબતોના પ્રધાન કિરણ રિજિજુએ બુધવારે લોકસભામાં રજૂ કરેલો વકફ (સુધારા) ખરડો પસાર થયો હતો. આ ખરડાનું નવું નામ યુનિફાઈડ વકફ મેનેજમેન્ટ એમ્પાવર્મેન્ટ, એફિસિયન્સી ઍન્ડ ડેવલપમેન્ટ (ઉમીદ) ખરડો રખાયું છે. આ વક્ફ ખરડા પર બપોરે ૧૨.00 વાગ્યે ચર્ચા શરૂ કરવામાં આવી હતી, જે મોડી રાતના ૧૨.00 વાગ્યા સુધી ચાલુ રહી હતી. ત્યાર પછી વોર્ટિંગ હાથ ધરવામાં આવ્યું હતું. કૉંગ્રેસ, એસ.પી., ટીએમસી, એઆઈએમઆઈએમ, આપ, ડીએમકે, એનસીપી (શરદ પવાર), જેએમએમ અને શિવસેના (ઉદ્ધવ ઠાકરે) આ ખરડાની વિરુદ્ધમાં છે, જ્યારે ભાજપ પાસે પૂરતું સંખ્યાબળ હોવાથી ખરડો લોકસભામાં પસાર થવાનો સરકારને આત્મવિશ્વાસ હતો. આ ખરડો હવે રાજ્યસભામાં આજે (ગુરુવારે) રજૂ કરવામાં આવશે.**

### શાસક પક્ષ

## વક્ફ ખરડો મુસ્લિમોની 'ઉમીદ' બનશે

નવી દિલ્હીઃ ભાજપ અને તેના સાથી રાજકીય પક્ષોએ દાવો કર્યો હતો કે વક્ફ (સુધારિત) ખરડો મુસ્લિમો, ખાસ કરીને પસમાંદા (પછાત) મુસ્લિમો માટે 'ઉમીદ' (યુનિફાઇડ વક્ફ મેનેજમેન્ટ એમ્પાવરમેન્ટ ઍન્ડ ડેવલપમેન્ટ) લાવનારું બનશે અને તેઓના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવશે.

સંસદીય બાબતોના પ્રધાન કિરણ રિજિજુએ જણાવ્યું હતું કે વક્ફ ખરડાનું નવું નામ યુનિફાઇડ વકફ મેનેજમેન્ટ એમ્પાવરમેન્ટ એફિસિયન્સી ઍન્ડ ડેવલપમેન્ટ (ઉમીદ) ખરડો રખાશે.

ગૃહ પ્રધાન અમિત શાહે લોકસભામાં જણાવ્યું હતું કે વકફ કાઉન્સિલ, વક્ફ બોર્ડ ૧૯૯૫માં શરૂ કરાયું હતું. વક્ફ ખરડો મુસ્લિમોની ધાર્મિક બાબતો અને તેઓ દ્વારા દાનમાં અપાયેલી પ્રોપર્ટીના મુદ્દે દખલગીરી કરતું હોવાનો ખોટો ભય વિપક્ષો દ્વારા માત્ર મુસ્લિમોના મત મેળવવા ફેલાવાય છે.

અમિત શાહે જણાવ્યું હતું કે નવા સુધારિત

(જુઓ પાનું ૨) ▸▸

## ફડણવીસ, શિંદેનું વક્ફ કાયદાને સમર્થન

### ઉદ્યોગપતિઓને જમીન આપી દેવાનો કારસોઃ કૉંગ્રેસનો આરોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે સંસદમાં વક્ફ (સુધારા) ખરડો, ૨૦૨૫ પસાર કરવામાં આવ્યો તેનું સ્વાગત કર્યું હતું અને આને પ્રગતિશીલ અને બંધારણની પ્રસ્તાવનામાં જે 'સેક્યુલર' શબ્દ આપવામાં આવ્યો છે તેને યોગ્ય ઠેરવનારું પગલું ગણાવ્યું હતું.

નાયબ મુખ્ય પ્રધાન અને શિવસેનાના નેતા એકનાથ શિંદે પણ આ ખરડાના ટેકામાં આવ્યા હતા અને ભારપૂર્વક કહ્યું હતું કે આ કાયદો મુસ્લિમ સમાજના હિતમાં છે.

ફડણવીસે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે લોકસભામાં કેન્દ્રીય લઘુમતી બાબતોના પ્રધાન કિરણ રિજિજુ દ્વારા માંડવામાં આવેલો ખરડો મંજૂર થાય એવી અપેક્ષા હતી.

આ કાયદા દ્વારા કોઈપણ સમાજની ધાર્મિક લાગણીઓ દુભવવાનો હેતુ નથી. એમાં ફક્ત ભૂતકાળની ભૂલોને હટાવવામાં આવી છે. મહિલાઓને વક્ફ બોર્ડમાં સ્થાન મળશે. વક્ફ બોર્ડમાં આચરવામાં આવેલી ગેરરીતિઓને કોર્ટમાં પડકારી શકાતી નહોતી તે જોગવાઈને હટાવવામાં આવી છે, એમ તેમણે કહ્યું હતું.

ફડણવીસે કહ્યું હતું કે વર્તમાન વક્ફ કાયદા હેઠળ જમીનો બોર્ડ દ્વારા લેવામાં આવતી હતી અને પછી કૉંગ્રેસના નેતાઓ પાસે પહોંચી જતી હતી. આ કાયદો આવી લૂંટને રોકવા માગે છે, એમ તેમણે કહ્યું હતું.

મુખ્ય પ્રધાને કહ્યું હતું કે આ કાયદાથી ઉદ્યોગપતિઓને ફાયદો થશે એવો દાવો કરવો એ મુર્ખામી છે. તેમણે કાયદાના ટીકાકારોને તુષ્ટિકરણની રાજનીતિ કરવા

(જુઓ પાનું ૨) ▸▸

### વિપક્ષ

## વક્ફ ખરડો બંધારણના માળખાને હાનિકારક

નવી દિલ્હીઃ કૉંગ્રેસ સહિત વિપક્ષોએ વકફ સુધારા ખરડાની આકરી ટીકા કરી હતી અને આક્ષેપ કર્યો હતો કે આ ખરડો દેશના બંધારણના મૂળભૂત માળખા પરના 'હુમલા' સમાન ગણાશે અને તે ભારતીય સમાજમાં ભાગલા પડાવશે તેમ જ લઘુમતી કોમને બદનામ કરશે.

કૉંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઇએ લોકસભામાં જણાવ્યું હતું કે સરકાર આ ખરડાના સંબંધમાં સંસદ અને જનતાને ગેરમાર્ગે દોરી રહી છે.

તેમણે દાવો કર્યો હતો કે વકફ ખરડામાંના સુધારા અંગે મુસલમાનો સાથે પૂરતી ચર્ચાવિચારણા નથી કરાઇ. લઘુમતી કોમના લોકો પાસે હવે પોતાની ધાર્મિક ઓળખ સાબિત કરવા પ્રમાણપત્ર માગવામાં આવી રહ્યું છે.

જમ્મુ અને કાશ્મીરના અનેક રાજકીય પક્ષે વક્ફ ખરડાનો વિરોધ કરતા જણાવ્યું હતું કે આ ખરડાનો

(જુઓ પાનું ૨) ▸▸

## સંભલ હિંસા સાથે સંકળાયેલા કુખ્યાત ગુનેગારની ધરપકડ

સંભલઃ શારિક સાથાની આગેવાની હેઠળની ગૅંગનો ભાગ રહી ચૂકેલા અને ગયા વર્ષે સંભલમાં થયેલી હિંસક ઘટનાઓ પાછળના કહેવાતા કુખ્યાત ગુનેગારની પોલીસે ધરપકડ કરી છે. આ માહિતી અધિકારીઓએ આપી હતી. દિલીપ ઉર્ફે હરીશ ૩૦ વર્ષથી ગુનાની દુનિયામાં સક્રિય છે અને તેના પર ૨૫,૦૦૦ રૂપિયાનું રોકડ ઇનામ હતું. ગયા વર્ષે ૨૪ નવેમ્બરના રોજ શહેરના કોટ ગરવી વિસ્તારમાં શાહી જામા મસ્જિદના કોર્ટના આદેશ પર થયેલા સર્વેક્ષણ દરમિયાન ફાટી નીકળેલી હિંસામાં ચાર નાગરિકનાં મોત થયાં હતાં. પોલીસ અધિક્ષક(એસપી) કૃષ્ણ કુમાર બિશ્નોઇએ પત્રકારોને જણાવ્યું કે ગુના અને ગુનેગારો વિરુદ્ધ ચાલી રહેલી કાર્યવાહીમાં અસમોલી પોલીસ સ્ટેશનની ટીમે રૂા. ૨૫,૦૦૦નું ઇનામ ધરાવતા એક વૉન્ટેડ ગુનેગારની સફળતાપૂર્વક ધરપકડ કરી છે. તેમણે જણાવ્યું કે દિલીપ ૧૯૯૩થી વાહન ચોરીમાં સંડોવાયેલો હતો અને તેણે જુદા જુદા રાજ્યોમાં ગુનાઓ કરવા માટે વારંવાર પોતાનું અને પોતાના પિતાનું નામ બદલ્યું હતું. અધિકારીએ જણાવ્યું કે ૧૯૯૩થી તે પ્રોફેશનલ વાહન ચોર છે અને વાહનો ચોરે છે. ૨૦૨૦ સુધી તે શારિક સાથાની ગૅંગ સાથે સક્રિય રીત કામ કરતો હતો. એસપીએ જણાવ્યું કે ધરપકડ પહેલા દિલીપ ઉત્તર પ્રદેશ, હરિયાણા, ઉત્તરાખંડ, દિલ્હી અને રાજસ્થાનમાંથી ફોર વ્હિલર ચોરી કરતો હતો અને તેને નાગાલેન્ડ, પશ્ચિમ બંગાળ અને સિલિગુડીમાં વેચતો હતો. તે ચાર વર્ષથી ફરાર હતો અને અસમોલી પોલીસે તેની ધરપકડ કરી હતી. ૧૯૯૩થી લઇને અત્યાર સુધીમાં વિવિધ રાજ્યોમાં તેની સામે ૪૦થી વધુ ગુનાહિત કેસ નોંધાયેલા છે.

## દિલ્હીમાં યોજાનારી વાટાઘાટો પહેલા કુકી જૂથોએ ત્રણ પૂર્વશરતો મૂકી

ઇમ્ફાલઃ ગૃહ મંત્રાલય દ્વારા નવી દિલ્હીમાં કુકી ઝો અને મેઇતેઇ જૂથો વચ્ચે ૫ એપ્રિલે બોલાવવામાં આવેલી વાતચીત પહેલા મણિપુરના કાંગપોક્પી જિલ્લામાં સ્થિત કુકી નેતૃત્વએ ત્રણ પૂર્વ શરતો મૂકી છે. જેમાં અન્ય સમુદાય બહુમતીમાં હોય તેવા વિસ્તારોમાં મેઇતેઇ અને કુકી વચ્ચે કોઇ હિલચાલ ન હોવાનો સમાવેશ થાય છે. કુકી ઝો કાઉન્સિલ(કેઝેડસી)ના અધ્યક્ષ હેનલિયાન્થાંગ થંગલેટે જણાવ્યું કે મંગળવારે કાંગપોક્પી ખાતે કમિટી ઓન ટ્રાઇબલ યુનિટી(સીઓટીયુ) દ્વારા આયોજિત પરામર્શ બેઠક દરમિયાન ત્રણ શરતો મૂકવામાં આવી હતી. થંગલેટે જણાવ્યું કે ત્રણ પૂર્વશરતો છે- કુકી ઝો પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં મેઇતેઇ વ્યક્તિઓની હિલચાલ અને મેઇતેઇ પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં કુકી ઝો વ્યક્તિઓની હિલચાલ પર સખત પ્રતિબંધ રહેશે, વાટઘાટોને સરળ બનાવવા માટે ઓછામાં ઓછા છ મહિનાના સમયગાળા માટે દુશ્મનાવટ બંધ કરવામાં આવશે, યુદ્ધવિરામ સમયગાળા દરમિયાન એક માળખાગત ઔપચારિક અને અર્થપૂર્ણ સંવાદ પ્રક્રિયા શરૂ કરવી જોઇએ. કુકી ઝો કાઉન્સિલના એક અધિકારીએ જણાવ્યું કે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ૫ એપ્રિલે નવી દિલ્હીમાં કુકી ઝો અને મેઇતેઇ જૂથો વચ્ચે બેઠક બોલાવી છે. કેન્દ્ર સરકાર દ્વારા સંઘર્ષરત સમુદાયોને વાટાઘાટોના મેજ પર લાવવા માટે ઘણા પ્રયાસો કરવામાં આવ્યા છે.

## મેટાના એઆઈ રીસર્ચના વડાં મેના અંતમાં છૂટા થશે

મેનલો પાર્ક (અમેરિકા) : મેટાના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનાં વડાં જોએલ પીનોએ જાહેરાત કરી છે કે તેઓ પિતૃસંસ્થા ફેસબુક અને ઈન્સ્ટાગ્રામમાંની હાઈ પ્રોફાઈલ ઑફિસ છોડી રહ્યા છે. જ્યારે એઆઈ ટેક્નોલોજીના વિકાસમાં તીવ્ર હરિફાઈ ચાલુ છે ત્યારે મેટાના એઆઈ સંશોધનનાં ઉપપ્રમુખ જોએલ પીનોએ મંગળવારે કહ્યું હતું કે હું કંપની સાથે આઠ વર્ષ કામ કર્યા બાદ મેના અંતમાં કંપની છોડી રહી છું.

તેમણે સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું હતું કે આજે એઆઈની હરીફાઈ ભીષણ બની રહી છે, વિશ્વમાં ઉલ્લેખનીય પરિવર્તન આવી રહ્યું છે તથા મેટા નવા અધ્યાયની તૈયારી કરી રહ્યું છે ત્યારે એ સમય પાકી ગયો છે કે કામ પુરું કરવા બીજાઓ માટે જગ્યા ખાલી કરવામાં આવે.

મેટાએ આ જાહેરાત અંગે ટિપ્પણી કરવાની ઈ-મેલનો જવાબ આપ્યો નહોતો. પીનોએ તેમની બદલીમાં કોઈ આવી રહ્યું છે એમનું નામ આપ્યું નહોતું.

પીનો મોન્ટ્રિયલસ્થિત છે અને તેઓ ત્યાં મેકગિલ યુનિવર્સિટીમાં કમ્પ્યુટર સાયન્સના પ્રોફેસર છે. પીનો એઆઈ સિસ્ટમ વિકસિત કરવા માટેના મેટાના 'ઓપન સોર્સ' અભિગમના ચહેરા છે. તેનું મોટું લેન્ગવેજ મૉડેલ લામા છે જેના પાયાના ઘટકો બીજા ઉપયોગ કરી શકે અથવા બદલાવી શકે એ માટે રિલીઝ કરવામાં આવે છે. તેમની જાહેરાત એવા સમયે આવી છે જ્યારે ૨૯ એપ્રિલે લામાકોલ એઆઈ કોન્ફરન્સ યોજાવાની છે. (એજન્સી)

## પાકિસ્તાનના લશ્કરે યુદ્ધવિરામનો ભંગ કર્યોઃ ભારતનો વળતો જવાબ

જમ્મુઃ જમ્મુ અને કાશ્મીરના પૂંછ જિલ્લામાં એક સુરંગ ફાટ્યા બાદ પાકિસ્તાની લશ્કરી દળોએ કોઈ પણ જાતની ઉશ્કેરણી વિના ગોળીબાર કરીને યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો, એવી માહિતી સંરક્ષણ ખાતાના પ્રવકતાએ આપી હતી. તેમણે કહ્યું હતું કે ભારતીય લશ્કરે યુદ્ધવિરામના ભંગનો 'અસરકારક' જવાબ આપ્યો હતો અને અંકુશરેખા પર ભારતનું પ્રભુત્વ છે, જ્યાં પરિસ્થિતિ કાબૂમાં છે. સત્તાવાર સૂત્રોએ કહ્યું હતું કે ભંગ મંગળવારે બપોરે ૧-૧૦ કલાકે થયો હતો.

ભારતના લશ્કરે પાકિસ્તાન બાજુ કોઈ જાનહાનિ થઈ હોવાનો ઉલ્લેખ કર્યો નહોતો. સૂત્રોએ કહ્યું હતું કે બન્ને પક્ષો વચ્ચેના સામસામા ગોળીબાર અને સ્ફોટમાં દુશ્મન દેશના પાંચ સૈનિકો ઘાયલ થયા હતા.

સંરક્ષણ દળના જમ્મુ સ્થિત જનસંપર્ક અધિકારી લેફ. કર્નલ સુનીલ બર્ટવાલે કહ્યું હતું કે પહેલી એપ્રિલ ૨૦૨૫એ પાકિસ્તાની લશ્કર અંકુશરેખામાં પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે કૃષ્ણા ઘાટી સેક્ટરમાં સુરંગ સ્ફોટ થયો હતો. ત્યાર બાદ પાકિસ્તાની લશકરે બિનઉશ્કેરણીજનક ગોળીબાર કરીને યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો. અમારાં દળોએ આનો અસરકારક જવાબ આપ્યો હતો. ભારતીય લશ્કર અંકુશરેખામાં પ્રભુત્વ ધરાવે છે . પરિસ્થિતિ કાબૂમાં છે. લશ્કરના અગાઉના નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે અંકુશરેખામાં પાકિસ્તાનના લશ્કરે ઘૂસણખોરી કરતાં કૃષ્ણા ઘાટી સેક્ટરમાં સુરંગમાં સ્ફોટ થયો હતો. ૨૧ ફેબ્રુઆરીએ ભારત અને પાકિસ્તાને અંકુશરેખાના પૂંછ જિલ્લામાં ફ્લેગ મીટિંગ રાખી હતી અને આમાં સરહદપારના ગોળીબાર અને આઈડી હુમલાના અનેક બનાવોથી ઊભી થયેલી તંગદિલી ઘટાડવાના પ્રયાસો થયા હતા. (એજન્સી)

